અપીલ અરજી નં.૯૦ તા.૨૫–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૨૦–૪–૧૧ ની અરજીથી કોર્પોરેટર અને સ્થાયી અધ્યક્ષ મુકેશ દલાલના વિસ્તારમાં (વોર્ડમાં) વિકાસના થયેલા કામો, વપરાયેલ ગ્રાંટ, અપાયેલા કામો, ઈજારદારો, ટેન્ડરોની સંપુર્ણ માહિતી તથા આ વોર્ડના ગેરકાયદે, પરવાનગી વિનાના, માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામો તથા થયેલા ડીમોલીશન તથા ન થયેલા ડિમોલીશન, વગેરેની સંપુર્ણ માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૫–૧૧ ની SMC/FAP/ નં.૯૦/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૨૦–૪–૧૧ ની અરજીથી કોર્પોરેટર અને સ્થાયી અધ્યક્ષ મુકેશ દલાલના વિસ્તારમાં (વોર્ડમાં) વિકાસના થયેલા કામો, વપરાયેલ ગ્રાંટ, અપાયેલા કામો, ઈજારદારો, ટેન્ડરોની સંપુર્ણ માહિતી તથા આ વોર્ડના ગેરકાયદે, પરવાનગી વિનાના, માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામો તથા થયેલા ડીમોલીશન તથા ન થયેલા ડિમોલેશન, વગેરેની સંપુર્ણ માહિતિ આપવા બાબતે ઈ.ચા.ડે.કમિશ્નર(સી) અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આ.નં. ૧૪૭ તા.૧૩–૫–૧૧ થી આપેલ માહિતિ માંગ્યા મુજબ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારે તપાસણીમાં શું માહિતિ કે તપાસણી મેળવી તેમજ ડીમોલીશનના દફતર અંગે અરજદારની અપીલમાંની રજુઆતને અનુલક્ષી હકીકતલક્ષી માહિતિ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૬ તા.૩૧–૫–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આટીઆઈ એકટ કલમ ૨(એફ) અને ૨(જે) નો હવાલો આપી દફતર પર ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી તપાસણી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં તપાસણી પશ્ચાત આપને માંગેલ માહિતિ પૈકી શી બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૦૩ તા.૩–૬–૧૧ થી પૂરક વિગતોમાં એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કલમ–૬(૩) હેઠળ નિયત સમય અવધિ બાદ પત્ર નં.સા.ઝોન/અકણ/૧૦૬ તા.૨૭–૪–૧૧ના રોજ રાંદેરઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન તરફથી નિયત સમય અવધિ બાદ વિલંબથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૪૧ તા.૧૦–૫–૧૧ ના રોજ મુખ્ય હિસાબનીશશ્રીને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૧૪૭ તા.૧૩–૫–૧૧ થી અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગેના પત્રની નકલ, તા.૨૩–૫–૧૧ ના રોજ અરજદારે ઈન્સ્પેકશન કર્યા અંગેની જાણ કરતા પત્રની નકલ, અરજદારે નકલ ફી ના રૂા.૨૬/– ભરેલ પહોંચની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૦–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/૧૦૬ તા.૨૭–૪–૧૧ના રોજ રાંદેરઝોનને તબદીલ કરેલ. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૪૧ તા.૧૦–૫–૧૧ ના રોજ મુખ્ય હિસાબનીશશ્રીને તબદીલ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈસેલ/આ.નં.૧૪૭ તા.૧૩–૫–૧૧ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.૧ કોર્પોરેટર અને સ્થાયી અધ્યક્ષ મુકેશ દલાલના વિસ્તારમાં (વોર્ડમાં) વિકાસના થયેલા કામો, વપરાયેલ ગ્રાંટ, અપાયેલા કામો, ઈજારદારો, ટેન્ડરોની સંપુર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી રાંદેરઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર પત્રક માહિતી મેળવવા પાના દીઠ રૂા.૨/– પ્રમાણે કુલ રૂા.૨૬/– (અંકે રૂપિયા છવ્વીસ પૂરા/–) ના નકલ ચાર્જીસ જમા કરાવ્યેથી દિન–૭ માં મળી શકશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ આ વોર્ડના ગેરકાયદે, પરવાનગી વિનાના, માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામો તથા થયેલા ડીમોલીશન તથા ન થયેલા ડિમોલેશન, વગેરેની સંપુર્ણ માહિતિ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી કોર્પોરેટર સ્થાયી અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલના વિસ્તારમાં (વોર્ડ) માં ગેરકાયદેસર પરવાનગી વિનાના માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામો તથા ડીમોલીશન થયેલ બાંધકામનો વિગત બાબતે રાંદેરઝોનની કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૨૩–૫–૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાંદેરઝોન કચેરીના સેકશન ઓફિસરશ્રી (ટેકનીકલ) સમક્ષ હાજર

રહેવા જણાવેલ. રાંદેરઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યાર બાદ અડધા કલાકના રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પૂરું પાડવામાં આવશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે રસીદ નં.૩૪૮૪૭૮ તા.૨૩–૫–૧૧ ના રોજ રૂા.૨૬/– ભરી નકલ મેળવેલ જણાય છે. તથા તા.૨૩–૫–૧૧ ના રોજ રાંદેરઝોન કચેરીએ રૂબરૂ હાજર રહી ઈન્સ્પેકશન મેળવેલ છે. અરજદારને પાઠવેલ પત્રના અનુસંધાને કોઈ પણ માહિતી અત્રે મળેલ નથી. અરજદારે દફતરી ચકાસણી તા.૨૩–૫–૧૧ ના રોજ કરેલ છે છતાં મુળ અરજીમાં જણાવેલ તા.૧–૧–૧૦ થી તા.૩૧–૩–૧૧ સુધીમાં થયેલા ડીમોલીશનો તથા થયેલા ડીમોલીશન માટે જવાબદાર અધિકારીઓ માહિતી મળેલ નથી તેમજ દફતરી ચકાસણીમાં પણ આ ડીમોલીશનો બાબતે કોઈ અલગ ફાઈલ કે નોટીસ ફાઈલ અમોને જોવા મળેલ નથી એવું જણાવી તા.૨૫–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી પક્ષે અરજદારને તપાસણી પૂરી પાડી અનુસરાયેલ જણાય છે. જેથી તે મુદ્દા અંગે અરજદારની તકરારને સ્થાન રહે નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૦–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ,